પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૧૦૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૧-૧૨-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 101 PRICE :-RS. 1.50 DATE : 21-12-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


## ૨૬ વર્ષ પછી જમ્મુ-કાશ્મીરમાં નવું સીમાંકન થશેઃજમ્મુમાં ૬ અને કાશ્મીરમાં ૧ સીટ વધવી જોઈએ-પંચનો પ્રસ્તાવ

નવીદિલ્હી,

જમ્મુ-કાશ્મીર માટે બનાવવામાં આવેલી સીમાંકન પેનલે જમ્મુમાં ૬ અને કાશ્મીર ખીણમાં ૧ વિધાનસભા સીટ વધારવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેથી હવે જમ્મુમાં ૪૩ અને કાશ્મીરમાં ૪૭ સીટ થઈ જશે. એસટી માટે ૯ સીટ અને એસસી માટે ૭ સીટ રિઝર્વ રાખવામાં આવશે. જ્યારે પીઓકે માટે ૨૪ સીટ રિઝર્વ રાખવામાં આવશે. એસોસિયેટ મેમ્બર્સે ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી સૂચનો માગ્યાં છે.

સીમાંકન પંચનાં સૂચનોની પીડીપી અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ આકરા શબ્દોમાં નિંદા કરી છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું છે કે લોકોને નજરઅંદાજ કરવામાં આવી રહ્યા છે. એક વિસ્તાર માટે ૬ અને કાશ્મીર માટે માત્ર એક સીટ વધારવાનો પ્રસ્તાવ આપીને લોકોને એકબીજાની સામે ઊભા કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ પીપલ્સ કોંગ્રેસના અધ્યક્ષ સજ્જાદ ગની લોને ટ્વીટ કરીને કહ્યું છે કે પંચની ભલામણ સંપૂર્ણ રીતે અમાન્ય છે અને એ પૂર્વગ્રહ આધારિત છે.

જમ્મુ અને કાશ્મીરમાં ૧૯૫૧માં ૧૦૦ સીટ હતી. એમાંથી ૨૫ સીટ પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીરમાં હતી. પહેલું ફુલ ફ્લેજ્ડ ડિલિમિટેશન (સીમાંકન પંચ) ૧૯૮૧માં બનાવવામાં આવ્યું હતું, જેણે ૧૪ વર્ષ પછી ૧૯૯૫માં તેમની પહેલી ભલામણ મોકલી હતી. એ ૧૯૮૧ની વસતિ ગણતરીના આધારે હતી. ત્યાર પછી કોઈ સીમાંકન થયું નથી.

૨૦૨૦માં સીમાંકન પંચે ૨૦૧૧ની વસતી ગણતરીના આધાર પર ડિલિમિટેશન પ્રોસેસ પૂરી કરવાના આદેશ આપ્યા હતા. આ સીમાંકન પછી જમ્મુ-કાશ્મીરમાં ૭ વધુ સીટ વધારવામાં આવશે. સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે સીમાંકન કોઈ ગણિતની પ્રક્રિયા નથી, જેને ટેબલ પર બેસીને પૂરી કરી શકાય. એના દ્વારા સમાજની રાજકીય આશાઓ અને ભૌગોલિક પરિસ્થિતિઓ પણ દર્શાવવી જોઈએ.


જમ્મુ-કાશ્મીર રિઓર્ગેનાઈઝ એક્ટ અંતર્ગત નવી વિધાનસભામાં ૮૩ની જગ્યાએ ૯૦ સીટ હશે. નિષ્ણાતોનું માનવું છે કે સીટ વધારવા માટે માત્ર વસતિ જ આધાર નહીં હોય. એ માટે જમીનનો વિસ્તાર, વસતિ, વિસ્તારની પ્રકૃતિ અને ત્યાં સુધીની પહોંચને પણ આધાર બનાવવામાં આવશે.અનુચ્છેદ ૩૭૦ રદ થયા પહેલાં રાજ્યમાં કુલ ૮૭ સીટ હતી. એમાંથી જમ્મુમાં ૩૭, કાશ્મીરમાં ૪૬ અને લદાખમાં ૪ સીટ આવે છે. આ સંજોગોમાં જો ૭ સીટ જમ્મુમાં આવે છે તો ૯૦ સભ્યોની વિધાનસભામાં જમ્મુમાં ૪૪ અને કાશ્મીરમાં ૪૬ સીટ હોઈ શકે છે.

૫ ઓગસ્ટ ૨૦૧૯ સુધી જમ્મુ-કાશ્મીરને સ્પેશિયલ સ્ટેટનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ત્યાં કેન્દ્રના અધિકારીઓ સીમિત હતા. જમ્મુ-કાશ્મીરમાં આ પહેલાં ૧૯૬૩, ૧૯૭૩ અને ૧૯૯૫માં સીમાંકન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ૧૯૯૧માં વસતી ગણતરી કરાઈ હતી. આ કારણથી ૧૯૯૬ની ચૂંટણી માટે ૧૯૮૧ની વસતી ગણતરીને આધાર બનાવીને સીટો નક્કી કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન થઈ રહ્યું છે, જ્યારે આખા દેશમાં ૨૦૩૧ પછી જ આવું શક્ય છે.

જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન અંતર્ગત જમ્મુ-કાશ્મીર રી-ઓર્ગેનાઈઝેશન એક્ટના નિયમો પણ ધ્યાનમાં રાખવું પડશે. આ એક્ટ ઓગસ્ટ ૨૦૧૯માં સંસદમાં પસાર કરવામાં આવ્યો છે. તેમાં અનુસુચિત જનજાતી માટે સીટ વધારવાની વાત કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીર રી-ઓર્ગેનાઈઝેશન એક્ટમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, કેન્દ્ર શાસિત રાજ્યોમાં સીમાંકન ૨૦૧૧ની વસતી ગણતરીના આધારે થશે.

## રાજ્યમાં આગામી બે દિવસ સુધી પડશે હાડ થીજવતી ઠંડી

અમદાવાદ,




રાજ્યમાં ઠંડીએ પોતાનુ જોર વધારી દીધુ છે. અમદાવાદ સહિત ગુજરાતમાં ઠંડીની ધીમીગતિથી શરૂઆત થઈ ચુકી છે. લઘુત્તમ તાપમાનમાં પણ હવે દિવસેને દિવસે ઘટાડો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજ્યનાં મોટાભાગનાં વિસ્તારોમાં આજે પારો ગગડ્યો હતો. હવામાન વિભાગનાં કહેવા મુજબ જ લઘુત્તમ તાપમાનમાં હવે ઘટાડો થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન હજુ પણ ઘટી શકે છે. આગામી ૨ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ફેરફાર થશે તેવી પણ હવામાન વિભાગે આગાહી આપી છે.રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં નોંધાઈ છે, જ્યા તાપમાન ૪.૨ ડિગ્રી રહ્યુ છે. ઉપરાંત ડીસામાં ૭.૮ ડિગ્રી, પાટણમાં ૭.૮ ડિગ્રી, રાજ્યનાં પાટનગર ગાંધીનગરમાં ૧૦ ડિગ્રી, ભૂજમાં ૧૦ ડિગ્રી, મેટ્રો સિટી અમદાવાદમાં ૧૧.૨ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૨ ડિગ્રી, વડોદરામાં ૧૧.૬ ડિગ્રી, ભાવનગરમાં ૧૫.૪ ડિગ્રી, પોરબંદરમાં ૧૫.૬ ડિગ્રી અને સુરતમાં ૧૬.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતુ.

## ચૂંટણી આવતા જ ઈડી અને સીબીઆઈ એક્ટિવ થઈ જાય છે! : હાર્દિક પટેલ

પ્રતાપગઢ




ગુજરાત કોંગ્રેસના નેતા હાર્દિક પટેલ પ્રતાપગઢ પહોંચ્યા હતા કંધારપુરના મેલા બાગ ખાતે યોજાયેલા કિસાન સંમેલનમાં હાર્દિક પટેલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. હાર્દિક પટેલે મંચ પરથી કહ્યું કે ભાજપ ધર્મ, જાતિ અને નફરતની રાજનીતિ કરે છે. તેમણે આરોપ લગાવ્યો કે રાજ્યમાં હત્યા, લૂંટ, બળાત્કાર જેવી ઘટનાઓ વધી ગઈ છે.હાર્દિક પટેલે કહ્યું કે સરકાર બનશે તો ખેડૂતોની લોન માફ કરવામાં આવશે. તેમણે યુપીની યોગી સચૂરકાર પર પણ આરોપ લગાવ્યો કે કોરોનાના યુગમાં ગંગાજીમાંથી મૃતદેહો મળી આવ્યા હતા. કાર્યક્રમ બાદ તેમણે ઈડી અને સીહીઆઈના દરોડા પર કહ્યું કે તેઓ ગુપ્ત રીતે ભાજપના પ્રદેશ અધ્યક્ષ છે. ચૂંટણી આવતા જ ઈડી અને સીબીઆઈ સક્રિય થઈ જાય છે.હાર્દિકે કાયદો અને વ્યવસ્થાને લઈને પણ સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે મહિલાઓની સુરક્ષા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. સાથે જ તેમણે કહ્યું કે સરકાર રોજગાર તેમજ વધતી મોંઘવારી જેવા તમામ મોરચે નિષ્ફળ ગઈ છે. હાર્દિક પટેલ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય ટેનીને લઈને પણ કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતો જોવા મળ્યો હતો.



## શિક્ષણકાર્ય બંધ નહીં થાય, તમે કાળજી રાખો !
## શિક્ષણમંત્રી જીતુ વાઘાણીનો શાળાઓને પરિપત્ર

ગાંધીનગર,



ગુજરાતમાં ફરી કોરોના કેસ વધી રહ્યા છે, એકાએક કોરોના સંક્રમણ વધતા તંત્ર પણ હરકતમાં આવ્યું છે. રાજ્યમાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે બાળકોમાં પણ કોરોનાનું પ્રમાણ વધતા શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કરી શાળાઓને નિર્દેશ કર્યો અને કોરોનાને લઈને શિક્ષકોને અને બાળકોને તકેદારી રાખવા માટેના આદેશ કર્યા છે.શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ સ્પષ્ટ શબ્દોમાં શાળાઓ બંધ કરવા પર નનૈયો ભણ્યો છે. જીતુ વાઘાણીએ આડકતરી રીતે કહ્યું કે, કોરોના સામે હિંમતથી અને તકેદારીથી લડવાનું છે.જોકે કોરોનાના કેસ વધતા શિક્ષણ વિભાગે પરિપત્રના માધ્યમથી શાળાને સૂચનો કર્યા છે. ધોરણ ૧થી ૧૨ની શિક્ષણ બોર્ડ સંલગ્ન શાળાઓને સૂચનો તેમજ નિર્દેશ કરાયા છે. જેમાં સ્ટાફ દ્વારા વેક્સિનના ૨ ડોઝ સુનિશ્ચિત કરવા આવે તેવી સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં જો વિદ્યાર્થીમાં કોરોનાના લક્ષણો જણાય તો આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા તેમજ વિદ્યાર્થી અંગે હઈને પણ જાણ કરવા આદેશ અપાયા છે સાથે શિક્ષકોને ઓફલાઈન સાથે ઓનલાઈન શિક્ષણ ચાલુ રાખવાનું પણ કહેવામાં આવ્યું છે. રાજ્યની શાળાઓમાં બાળકો કોરોના સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓમાં કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે શાળાઓને બંધ ન કરવાના નિર્ણય સામે સવાલ ઉઠી રહ્યાં છે.વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ સંક્રમિત થશે તો તેના માટે જવાબદાર કોણ તેવા પણ સવાલ થઈ રહ્યા છ.ત્રીજી લહેરની સંભવિતતા વચ્ચે બાળકોના આરોગ્ય સાથે આવું જોખમ લેવું કેટલું યોગ્ય તેમ જાણકારો કરી રહ્યા છે. મહત્વનું છે કે વડોદરામાં હરણીની સિંગન્સ સ્કૂલમાં ધોરણ-૬માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયો છે વિદ્યાર્થી આફ્રિકાથી આવેલા ઓમિક્રોન સંક્રમિત દંપતિના સંપર્કમાં આવ્યો હતો. વિદ્યાર્થી પોઝિટિવ આવતા ધોરણ-૬ના વર્ગખંડનું ઓફલાઈન શિક્ષણ બંધ કરાયું છે. વિદ્યાર્થીના સંપર્કમાં આવેલા અન્ય વિદ્યાર્થીના ટેસ્ટ કરાયા છે. સાથે વિદ્યાર્થીના સેમ્પલ જિનોમ સિક્વન્સીંગ માટે પણ મોકલાયા છે. ઉલ્લેખનિય છે કે શહેરમાં ૭ દિવસમાં ૩ વિદ્યાર્થી અને શિક્ષક કોરોના સંક્રમિત થયા છે..તો નવરચના સ્કૂલના ૨ વિદ્યાર્થી અને સિંગન્સ સ્કૂલનો ૧ વિદ્યાર્થી પણ કોરોના પોઝિટિવ આવ્યો છે.

વડોદરામાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે, શહેરમાં ૪ કે તેથી વધુ વ્યક્તિઓને ભેગા થવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે આ જાહેરનામું ૨૧ ડિસેમ્બર થી ૪ જાન્યુઆરી સુધી જાહેરનામું લાગુ રહેશે. જાહેરનામાં મુજબ જાહેર સ્થળો પર સભા કરવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે નિયમ ભંગ કરનાર સામે પણ કાયદેસરની કાર્યવાહી થશે તેવું કહેવાયું છે.

## ગુજરાતનાં દરિયાકાંઠેથી ૪૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું ૬ પાકિસ્તાનીઓની ધરપકડ

અમદાવાદ,

ગુજરાતનાં દરિયાકાંઠેથી એટીએસની ટીમે અંદાજે ૪૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. આ ડ્રગ્સ પાકિસ્તાની બોટમાંથી મળી આવ્યુ હતુ. જેમા લગભગ ૭૭ કિલો હેરોઈન ડ્રગ્સનો જથ્થો એટીએસએ ઝડપ્યો છે. આ બોટમાંથી એટીએસની ટીમે ૬ પાકિસ્તાનીઓની ધરપકડ કરી છે. આ ઓપરેશનને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને એટીએસની સંયુક્ત ટીમે અંજામ આપ્યો છે. આ અંગે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા ટ્વીટ કરી જાણકારી આપવામાં આવી છે. જે પાકિસ્તાની બોટમાંથી આ ૭૭ કિલો ડ્રગ્સ ઝડપાયુ તેનું નામ ઓલ હુસૈન હોવાનુ પણ સામે આવ્યુ છે. એટીએસનાં હાથે હાલમાં ૬ પાકિસ્તાની આવ્યા છે પરંતુ તેમને શંકા છે કે આ મામલે વધુ લોકોની સંડોવણી હોઈ શકે છે. આ પહેલા આપને જણાવી દઈએ કે, થોડા દિવસો પહેલા જ રાજ્યમાં દરિયાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાનો મામલો સામે આવ્યો હતો. આ મામલો દેવભૂમિ દ્વારકામાંથી સામે આવ્યો હતો, જ્યા કરોડોની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું છે. દરિયાઈ માર્ગેથી આવતું ૬૬ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતુ. જે અંદાજે ૩૫૦ કરોડોની કિંમતનું ડ્રગ્સ હતુ. જેમા ૧૬ કિલો હેરોઈન હતુ. જ્યારે ૫૦ કિલો એમડી ડ્રગ્સ હતુ.ઉલ્લેખનીય છે કે, આ પ્રથમ વખત નથી જ્યારે ગુજરાતમાં દરિયાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાનો પ્રયાસ થયો છે. થોડા દિવસો પહેલા જ મુંદ્રામાંથી ૩ હજાર કિલોનું ડ્રગ્સ ઝડપાયું હતુ, તે પછી દ્વારકાનાં દરિયા કિનારાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને હવે જખૌ દરિયાકાંઠાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## વાઈબ્રન્ટ મહોત્સવમાં મોદી વર્ચ્યુઅલ હાજરી આપશે!!!

નવીદિલ્હી,

દેશમાં ઓમિક્રોનનો ખતરો વધતો જાય છે તથા હવે વિશ્વ આરોગ્ય સંસ્થા સહિતની આરોગ્ય એજન્સીઓ પણ ઓમિક્રોનના ફેલાવા સામે લાલ બતી ધરી રહી છે તે સમયે ગુજરાતમાં આગામી તા.૧૦-૧૨ જાન્યુઆરીના યોજાનારા વાઈબ્રન્ટ મહોત્સવ અંગે પણ પ્રશ્ન છે.જો કે ગુજરાતમાં સરકાર વાઈબ્રન્ટ યોજાવાની જ છે તે રીતે આગળ વધી રહી છે પણ હવે ચર્ચા એવી છે કે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ વાઈબ્રન્ટ મહોત્સવમાં 'વર્ચ્યુઅલ' હાજરી આપશે.જો કે જે રીતે વાઈબ્રન્ટનો મહિમા ગવાઈ રહ્યો છે તેમ છતાં અમેરિકા સહિતના દેશો જેના પ્રતિનિધિઓ મુખ્ય આકર્ષણ હોય છે તેમાં હવે કઈ રીતે હાજરી આપશે તે પ્રશ્ન છે પણ જો મોદીની રૂબરૂ ઉપસ્થિતિ ન હોય તો પછી વાઈબ્રન્ટ એક સરકારી સમારોહ બની રહેશેઅને એક બાદ એક દેશો પણ તેમનું પ્રતિનિધિત્વ ડાઉનગ્રેડ કરવા લાગશે. રાજય સરકાર હાલ ખુદ વાઈબ્રન્ટ અંગે મોન સેવી રહી છે પણ આંતરિક સૂત્રો કહે છે કે તૈયારીને બ્રેક મારી દેવામાં આવી છે. મોદી જે રીતે યુપી-ગોવા સહિતના રાજયોમાં ચૂંટણી પ્રચાર માટે જાય છે અને મેદનીઓને સંબોધે છે તે પછી સુનિયોજીત અને સુરક્ષિત રાખવા પ્રયાસ થયા છે તેવા વાઈબ્રન્ટમાં હાજરી આપે નહી તો પછી અનેક પ્રશ્નો ઉભા થઈ શકે છે.

## સિદ્ધુ ફરી લડાયક મિજાજમાં : મુખ્યમંત્રી ચન્ની પર સાધ્યું નિશાન, બોલ્યા, બે મુખ્યમંત્રી ગયા, હવે ત્રીજા મુખ્યમંત્રી ષડયંત્રમાં સામેલ

ચંડીગઢ,

કોંગ્રેસ સતત દાવો કરી રહી છે કે પંજાબમાં પાર્ટીની અંદર બધુ બરાબર છે, પરંતુ પંજાબ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુના નિવેદનો આ દાવાઓને સાબિત કરે છે. પક્ષની અંદર તેમના વિરોધીઓ પર છૂપો હુમલામાં, સિદ્ધુએ કોઈનું નામ લીધા વિના કહ્યું હતું કે તેણે અગાઉ બે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોના કાવતરાનો સામનો કર્યો હતો અને હવે અન્ય તેમની વિરુદ્ધ ષડયંત્ર રચવાનો પ્રયાસ કરી રહ્યો છે.નવજોત સિંહ સિદ્ધુએ તેમના સમર્થકોના નારા વચ્ચે કહ્યું, "ઘણા એવા છે જે મારી વિરુદ્ધ ષડયંત્ર કરી રહ્યા છે. ભૂતકાળમાં બે મુખ્ય પ્રધાનોએ મને ખતમ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ સત્તા ગુમાવી બેઠા. હવે બીજો પણ એવું જ કરી રહ્યો છે. પરંતુ તે પણ અદૃશ્ય થઈ જશે."સિદ્ધુએ અપમાનની ઘટનાઓમાં સામેલ લોકોને સખત સજાનું સમર્થન કર્યું. સિદ્ધુએ કહ્યું, "વિભાજનકારી શક્તિઓ રાજ્યમાં તણાવ પેદા કરવાનો પ્રયાસ કરી રહી છે કારણ કે ચૂંટણી નજીક છે. હું દરેકને સાવચેત રહેવા વિનંતી કરું છું. જેઓ ખરેખર રાજ્યની સેવા કરવા માગે છે તેમને જ પસંદ કરો. કોઈપણ પવિત્ર પુસ્તકનું અપમાન અસહ્ય છે અને તેમાં સામેલ લોકોને ફાંસી આપવી જોઈએ."

આ સાથે જ સિદ્ધુએ એ પણ પુનરોચ્ચાર કર્યો કે ૨૦૨૨માં કોંગ્રેસની સરકાર બન્યા બાદ પંજાબમાં શહેરી શ્રમ રોજગાર મિશન હેઠળ મજૂરોને રોજના ઓછામાં ઓછા ૩૫૦ રૂપિયા મળશે. સિદ્ધુએ પોલીસને પ્રદર્શનકારીઓને દૂર કરવા માટે કોઈપણ બળનો ઉપયોગ ન કરવા કહ્યું, જેમણે તેમના ભાષણમાં વારંવાર વિક્ષેપ પાડ્યો. વિરોધ કરનારાઓમાં બેરોજગારો અને જમીન પ્રાપ્તિ સંઘર્ષ સમિતિના સભ્યો સામેલ હતા.પૂર્વ પોલીસ મહાનિર્દેશક મોહમ્મદ મુસ્તફા કે જેઓ પીસીસી ચીફના મુખ્ય વ્યૂહાત્મક સલાહકાર છે, તેમણે કહ્યું કે સિદ્ધુને પીસીસી ચીફની ખુરશીની જરૂર નથી, પરંતુ કોંગ્રેસને સિદ્ધુની જરૂર છે. "જ્યારે સિદ્ધુ ચૂંટણી લડે છે ત્યારે મારે ચૂંટણી લડવાની જરૂર નથી. આવતા વર્ષે ચૂંટણી બાદ મને મુખ્યમંત્રીની સત્તા મળશે. પરંતુ સિદ્ધુને તમારા આશીર્વાદની જરૂર છે. હું દરેકને વિનંતી કરું છું કે તેઓ તેમના માટે પ્રાર્થના કરે. મારી પત્ની રઝિયા જંગી માર્જિનથી ચૂંટણી જીતશે કારણ કે અમે તમામ ચૂંટણી વચનો પૂરા કર્યા છે.આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે પીસીસી અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુના ડિબેટના પડકારને સ્વીકારી લીધો છે. સિદ્ધુને ચર્ચા માટે સમય અને સ્થળ નક્કી કરવાનું કહેતા કેજરીવાલે આપના પ્રદેશ અધ્યક્ષ ભગવંત માનનું નામ લીધું.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## ત્રણ વર્ષથી વધુ સમયની ઓડીટ કામગીરી બાકી હોય તે મંડળીઓ માટે જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ કચેરી દ્વારા ઓડીટ કેમ્પનું આયોજન

લુણાવાડા, મહિસાગર જિલ્લામાં આવેલ તમામ પ્રકારની નોંધાયેલ કો.ઓપરેટીવ સોસાયટીનાં હોદ્દેદારોને જણાવવામાં આવે છે કે, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૪(૧) હેઠળ ઓડીટ કરાવવું ફરજિયાત છે. તો જે સહકારી મંડળીઓની છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયની ઓડીટ કામગીરી બાકી હોય તેવી મંડળીઓના ઓડીટ કરાવવા અંગે જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.લુણાવાડા-મહીસાગર દ્વારા લુણાવાડાતાલુકામાં તારીખ ૨૭/૧૨/૨૦૨૧ થી ૩૦/૧૨/૨૦૨૧ સુધી સવારે ૧૦-૩૦ થી ૧૭-૦૦ કલાક સુધીજીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહીસાગર, લુણાવાડાઠે. બાવન પાટીદાર સમાજઘર ,મા`ડાસા રોડખાતે,સંતરામપુર તાલુકામાંતા.૬/૦૧/૨૦૨૨ થી ૦૭/૦૧/૨૦૨૨ સુધી સવારે ૧૦-૩૦ થી ૧૭-૦૦ કલાક સુધીસંતરામપુર તાલુકામાં ખરીદ વેચાણ સંઘ લી ખાતે, કડાણા તાલુકામાં તા.૧૨/૦૧/૨૦૨૨ થી ૧૩/૧/૨૦૨૨ સુધી સવારે ૧૦-૩૦ થી ૧૭-૦૦ કલાક સુધીકડાણા તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, એસ.આર.પેટ્રોલ પંપ પાસે, દિવડા ખાતે અને ખાનપુર તાલુકામાંતા. ૧૯/૦૧/૨૦૨૨ થી ૨૦/૦૧/૨૦૨૨ સુધી સવારે ૧૦-૩૦ થી ૧૭-૦૦ કલાક સુધી મોટા ખાનપુર દૂધ સહ મં.લી. મુનપુર રોડ, વેલણવાડા ખાતે ઓડીટ કેમ્પનું આયોજન કરેલ છે. તો જે સહકારી મંડળીઓના ઓડીટ બાકી હોય તેવી મંડળીઓના ચેરમેન, સેક્રેટરીઓએ જે તે તાલુકામાં રાખવામાં આવેલ કેમ્પમાં હાજર રહી ઓડીટ કામગીરી પૂર્ણ કરાવી લેવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર થશે તો સદર મંડળીના હોદેદારો સામે સહકારી કાયદાની કલમ - ૧૦૭ તથા ૨૦ મુજબ આગળની કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવશે જેની નોંધ લેવા જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહીસાગર-લુણાવાડાની અખબારીયાદીમાં જણાવાયું છે.

## હેડકલાર્કની પરીક્ષાનું પેપર લીક થતાં મહીસાગર જિલ્લા કોંગ્રેસનું આવેદન



### પેપર લિંક કૌભાંડ લુણાવડાના થાંભા ગામ સુધી પહોંચવાની તૈયારીમાં...

હેડકલાર્કની પરીક્ષાનું પેપરલીક અનેક શહેરોમાં થયું હોવાના આક્ષેપો થાય છે. ત્યારે લુણાવાડા તાલુકાના થાંભા ગામના શિક્ષકના મોબાઈલમાં પેપર આવ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. જેથી પેપર લીક કૌભાંડનો રેલો મહીસાગર જિલ્લામાં આવવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

બાલાસીનોર, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડકલાર્કની પરીક્ષાનું પેપરલીક થવા બાબતે મહીસાગર જિલ્લા કોંગ્રેસે કલેકટરને આવેદન આપી કસૂરવારો સામે તટસ્થ તપાસ કરીને કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરી હતી આ દિશામાં યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો કોંગ્રેસે યુવાનોને સાથે રાખીને ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવી આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. બાલાસિનોરના ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ, મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરજીવનભાઈ પટેલ તેમજ કોંગ્રેસના આગેવાનોએ કલેક્ટરને રજૂઆત કરીને આપેલા આવેદનમાં જણાવ્યું કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડકલાર્ક પરીક્ષાનું આયોજન તા .૧૨ ડિસેમ્બરે રાજ્યમાં ૧૮૬ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા લેવાઈ રહેલ હતી. આ પરીક્ષામાં ૨.૪૧ લાખ ઉમેદવારોએ નોકરી મેળવવા અરજી કરી હતી. જોકે પરીક્ષાના આગળના દિવસ જ પેપરલીક થયેલ હોવાના આક્ષેપો કરાયા હતા. લીક થયેલ પેપર પ્રાંતિજ, ભાવનગર, સુરેન્દ્રનગર, વડોદરા પરીક્ષામાં બેસનાર ઉમેદવારો સુધી આ પેપર પહોંચ્યું હોવાથી આવેદનપત્રમાં આક્ષેપ કરી જિલ્લામાં નોકરી વાંચ્છુ યુવાનો સાથે અન્યાય થઈ રહ્યો હોવાનો બળાપો ઠાલવ્યો હતો. તેમજ છાશવારે ભરતી કૌંભાડોમાં પેપરો લીક થાય છે. તેમછતાં સરકાર આંખઆડા કાન કરી રહી છે.આ દિશામાં યોગ્ય તપાસ કરી ગુનેગારો સુધી પહોંચી સખતમાં સખત કાનૂની કાર્યવાહી કરવા માગ કરવામાં આવી છે.

## લુણાવાડાના વિરણીયા ગામે શિવ મિત્ર મંડળ દ્વારા મહાઆરતીનું આયોજન કરાયું



લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વિરાણીયા ગામ ખાતે શિવ મિત્ર મંડળ દ્વારા ૧૧૧૧ દીવા ની મહાઆરતીનું આયોજન તારીખ ૨૦-૧૨-૨૦૨૧ ( સોમવાર ) માગશર આર્દ્રા નક્ષત્ર શિવ દર્શન - મહાપૂજા વિશેષ પાવન દિવસના નિમિત્તે આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૬ વાગ્યા થી લઈને ૯ વાગ્યા સુધી શ્રદ્ધાળુઓની હાજરી મોટા પ્રમાણ માં જોવા મળી હતી. ત્યારબાદ આરતી તેમજ સ્તુતિ કરી પ્રસાદ લઈને પાવન થયા.શિવ મહાપુરાણનું મહત્વ- શિવ મહાપુરાણનું વિદ્યેશ્વર સંહિતા અધ્યાય ૯ અને શ્લોકો ૧૫, ૧૬ અને ૧૭માં સ્વયં ભગવાન મહાદેવ માગશર માસમાં આર્દ્રા નક્ષત્રનો મહિમા કહે છે :- હે પુત્રો ! જે સમયે હું સ્થંભ રૂપે પ્રગટ થયો છું, તે કાળ માગશર માસમાં આર્દ્રા નક્ષત્ર છે.. (૧૫) જે પુરૂષ માગશર માસમાં આર્દ્રા નક્ષત્ર હોય ત્યારે પાર્વતી સહિત મારી મૂર્તિનું કે લિંગનું દર્શન કરે છે, તે મને કાર્તિક કુમારથી પણ અધિક પ્રિય થાય છે. (૧૬) આ શુભ દિવસે મારાં કેવળ મંદિરમાં દર્શનથી જ ઘણું ફળ થાય છે, પણ જો તે દિવસે પૂજન કરે, તો વાણીથી ન વર્ણવી શકાય એટલું ફળ મળે છે.(૧૭) આ દિવસે શિવ દર્શન - પૂજન કરવાથી ૧૦૦ મહા શિવરાત્રીનું ફળ પ્રાપ્ત થાય છે. આ દિવસે પાર્થિવ શિવલિંગ પૂજન અવશ્ય કરવું.આ દિવસે ઉપવાસ - જળાભિષેક - કમલ પુષ્પ અને બિલીપત્ર દ્વારા પૂજન કરવું. આ દિવસે શિવ મંદિરે અને ઘરમાં દીપ માળાઓ ખાસ કરવી.આ દિવસે શિવ દર્શન - પૂજન કરવાના ફળનો મહિમા વાણીથી વર્ણવી શકાતું નથી.આ દિવસે શિવ દર્શન પૂજન કરવાથી સુખ - શાન્તિ - સમૃદ્ધિ તેમજ મનોકામનાઓ પૂર્ણ અને મહાદેવની કૃપા પ્રાપ્ત થાય છે.આથી, દરેક શિવ ભક્તોએ પરીવાર સહ તારીખ ૨૦-૧૨-૨૦૨૧ માગશર આર્દ્રા નક્ષત્રમાં અચૂક શિવ દર્શન - મહાપૂજા કરી માનવ જીવનમાં અમૂલ્ય લહાવો લઈ શિવ કૃપા પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કરવો અને કરાવવો.



સંતરામપુરના એસપીએસ સ્કૂલ ખાતે ચૂંટણી અધિકારી દ્વારા મતગણતરીને અનુલક્ષીને તાલીમ યોજવામાં આવેલી હતી. મતગણતરીમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓની આજરોજ મામલતદાર દ્વારા તાલીમ આપવામાં આવેલી હતી. કઈ રીતે કામગીરી કરવી તે સંપૂર્ણ માહિતી પૂરી પાડી હતી.

## આપ નેતા ઈસુદાન ગઢવીએ દારૂ પીને ભાજપનાં મહિલા નેતા છેડતી કરી અને પછી ઝપાઝપી થઈ

ગાંધીનગર, ગુજરાત આપ દ્વારા ભાજપનાં હેડક્વાર્ટર કમલમ્ ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. જેના પગલે કમલમ ખાતે મોટા પ્રમાણમાં આપના કાર્યકરો ઉમટી પડ્યા હતા. ભાજપ વિરોધી સુત્રો પણ લગાવ્યા હતા. જો કે ભાજપનાં કાર્યકરો પણ મોટા પ્રમાણમાં ઉમટી પડતા ભાજપ અને આપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. ઝપાઝપી અને બોલાચાલી થઈ હતી. જેના કારણે બંન્ને કાર્યકરો વચ્ચે વધી રહેલું ઘર્ષણ જોઈને પોલીસને બળ પ્રયોગ કરવાની ફરજ પડી હતી.

સ્થાનિક પોલીસ દ્વારા વધી રહેલું ઘર્ષણ જોઈને બળપ્રયોગ કરવામાં આવ્યો હતો. આપ અને ભાજપના કાર્યકરોને તથા આપના કાર્યકરોને વિખેર્યા હતા. પોલીસના બળપ્રયોગથી થોડા સમય માટે ભાગા ભાગી અને દોડાદોડીનું વાતાવરણ સર્જાયું હતું. તો બીજી તરફ પોલીસે બાકી રહેલા આપના કાર્યકરોની અટકાયત કરી હતી. જો કે આ તમામ ઘટનાક્રમ વચ્ચે ભાજપના નેતા શ્રદ્ધા રાજપુતે આપના નેતા ઈસુદાન ગઢવી નશાની હાલતમાં હોવાનો આરોપ લગાવ્યો હતો.

શ્રદ્ધા રાજપુતે આરોપ લગાવ્યો કે, આપના નેતા ઈશુદાન ગઢવી નશાની હાલતમાં હતા. તેમણે નશાની હાલતમાં આ યુવા નેતાની છેડતી પણ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. જેના પગલે ચકચાર મચી ગઈ હતી. શ્રદ્ધા રાજપુતની અરજી મળતાની સાથે જ પોલીસે ઈસુદાન ગઢવીને ઉઠાવી લીધા હતા. તેમને સીધા જ સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ માટે ખસેડવામાં આવ્યા હતા. શ્રદ્ધા રાજપુતે ઈસુદાન ગઢવી દારૂનાં નશામાં ચકચુર હોવાનો આરોપ લગાવ્યો હતો. જેના પગલે હાલ રાજકારણ ગરમાયું છે.

## પાકિસ્તાન દ્વારા ભારતમાં ડ્રોન મોકલવાના પ્રયાસને બીએસએફએ નિષ્ફળ બનાવ્યો

ગુરદાસપુર, પંજાબના ગુરદાસપુરમાં ભારત-પાકિસ્તાન બોર્ડર પર પાકિસ્તાન દ્વારા ભારતમાં ડ્રોન મોકલવાના પ્રયાસને મ્જીહ્લ એ નિષ્ફળ બનાવ્યો છે. ગુરદાસપુરની કાસોવાલ બોર્ડર આઉટ પોસ્ટ પર મોડી રાત્રે પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યું હતું. જ્યાર બાદ સ્થળ પર હાજર મ્જીહ્લ ના જવાનો અને એક મહિલા જવાને ડ્રોન પર ૫ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જ્યાર બાદ ડ્રોન પાકિસ્તાનની સરહદ પર પરત ફર્યું હતું. જો કે, હાલમાં આ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ છે.

મળતી માહિતી અનુસાર, શનિવારે પણ બીએસએફએ કહ્યું કે, તેણે પંજાબના ફિરોઝપુર વિસ્તારમાં સરહદ પારથી આવતા એક ડ્રોનને તોડી પડાયું. એક ટ્વિટમાં મ્જીહ્લ એ જણાવ્યું કે, "શુક્રવારનાં રોજ રાત્રે ૧૧:૧૦ વાગ્યે ફિરોઝપુર સેક્ટરમાં વાન બોર્ડર ચોકી પાસે મળી આવતાં જ ચીની બનાવટના ડ્રોનને તોડી પાડવામાં આવ્યું." તેમણે કહ્યું કે, કાળા રંગની ઉડતી વસ્તુને તોડી પાડવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય સરહદથી લગભગ ૩૦૦ મીટર અને સરહદની વાડથી ૧૫૦ મીટર દૂર તેની પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) ,ખોટા ખર્ચાઓ ઉપર કાબૂ રાખવો,મોટા રોકાણમાં અનુભવીની સલાહ લેવી,સંતાનોની સામાન્ય ચિંતા રહેશે ,જૂની વાતોને ભૂલી નવા કામમાં ધ્યાન આપો

વૃષભ (બ.વ.ઉ.) ,કામમાં ઉત્સાહમાં વધારો થશે ,ભાઈઓ અને પરિવારના સભ્યોનો સહકાર મળશે ,અમૂલ્ય વસ્તુ મેળવવાની અભિલાષા પૂરી થશે ,મહત્વપૂર્ણ નિર્ણયો ના લેવા

મિથુન (ક.છ.ઘ.) ,આર્થિક સ્થિતિ મજબૂત બનશે ,ધન-પદ-પ્રતિષ્ઠામાં વધારો થશે ,પરિવાર-સંતાનોના પ્રશ્નો હળવા બનશે ,માનસિક વ્યાકુળતા જણાશે

કર્ક (ડ.હ.) ,યાત્રા-પ્રવાસથી લાભ થાય ,સન્માન અને લાભ મળશે ,તબિયત બાબતે કાળજી રાખવી ,કારણ વગરનો તનાવ રહેશે

સિંહ (મ.ટ.) ,પિતા અથવા વડીલનો સહકાર મળશે ,ભાગ્યબળનો વધારો થશે,પરિવારથી તનાવ જણાશે,વાણી ઉપર સંયમ રાખવો જરૂરી છે

કન્યા (પ.ઠ.ણ.) ,ધંધાકીય કામકાજમાં સફળતા મળશે,સંતાનોથી લાભ થશે પારિવારિક જીવન સુખમય બનશે,ધનપ્રાપ્તિના ઉત્તમ યોગો જણાય છે,લેવડ-દેવડમાં સાવધાની રાખવી

તુલા (ર.ત.) ,ધંધાકીય બાબતે તકલીફ જણાશે ,કારણ વગરની ચિંતા અનુભવશો ,જૂના સબંધી મિત્રોની મુલાકાત થશે ,ધન હાનિની સંભાવના છે

વૃશ્ચિક (ન.ય.) ,હરિફાઈવાળા કામમા વિજય થશે ,તબીયત બાબતે સાચવવું ,અટવાયેલા કામો પૂર્ણ થશે ,વિરોધીઓ પરાજીત થશે

ધન (ભ.ધ.ફ.ઢ.) ,આર્થિક યોજનાઓ સફળ બનશે,સન્માન અને ધનનો લાભ મળશે, સંતાન સંબંધે સારું સુખ મળશે ,વ્યવસાયમાં નવી તકો મળશે

મકર (ખ.જ.) ,ધંધા રોજગારમાં સારી સફળતા મળશે,મકાનસુખ સારું મળશે,નવા વાહન લેવાના યોગ બને છે,ખોટા ખર્ચાઓ ઉપર કાબૂ રાખવો

કુંભ (ગ.શ.ષ.સ.) ,ઘર વપરાશની ચીજોમાં વધારો થશે ,આજીવિકામાં નવી તકો મળશે,પરિવારથી સામાન્ય તણાવ જણાશે ,આવક-જાવકનું પ્રમાણ જળવાઈ રહેશે

મીન (દ.ચ.ઝ.થ.) ,ધંધાકીય યોજનાઓ પરિપૂર્ણ થશે ,ચામડી અથવા પેટ વિષયક સામાન્ય ફરિયાદ જણાશે ,પરિવારજનોનો સહયોગ મળશે,ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવું

## અરવિંદ કેજરીવાલે એવી જાહેરાત કરી કે દિલ્હીમાં કોરોનાના નવા દરેક દર્દીનો ઓમિક્રોન ટેસ્ટ કરવામાં આવશે.

નવીદિલ્હી, દિલ્હી સરકારે ઓમિક્રોન ટેસ્ટિંગ પર અત્યાર સુધીનો સૌથી મોટો નિર્ણય લીધો છે. રાજધાની દિલ્હીમાં વધી રહેલા ઓમિક્રોન કેસની વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એવી જાહેરાત કરી કે દિલ્હીમાં કોરોનાના નવા દરેક દર્દીનો ઓમિક્રોન ટેસ્ટ કરવામાં આવશે. કેજરીવાલની જાહેરાત અનુસાર, દિલ્હીમાં હવે જે પણ કોરોના પોઝિટીવ નીકળશે તેમનો ફરજિયાત ઓમિક્રોન ટેસ્ટ કરવામાં આવશે.

સીએમ કેજરીવાલે બૂસ્ટર ડોઝ માટે કેન્દ્ર સરકારની મંજૂરી માગી છે. કેજરીવાલે કહ્યું કે રાજધાનીમાં કોવિડના જેટલા પણ પોઝિટીવ કેસ આવી રહ્યાં છે તેમના તમામ સેમ્પલ જિનોમ સિકવન્સિંગ માટે મોકલવામાં આવશે. અત્યાર સુધી ફક્ત એરપોર્ટ પર જ પોઝિટીવ કેસના સેમ્પલ જિનોમ સિકન્વસિંગ માટે મોકલાતા હતા. કેજરીવાલે એવું પણ કહ્યું કે ૨૩ ડિસેમ્બરે હોમ આઈસોલેશન મેનેજમેન્ટ પર હાઈ લેવલ મીટિંગ થશે. કારણ કે ઓમિક્રોનમાં હોમ આઈસોલેશન મોડલની ઘણી જરુર હશે.

દેશમાં આજે જયારે ઓમિક્રોનની દહેશત વધી રહી છે અને કેસમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે હવે તેનું કડકાઈથી ટેસ્ટિંગ કરવાની ખરી જરુર આવી છે. કોરોનાના દરેક દર્દીનો ઓમિક્રોન ટેસ્ટ કરાવવાનો કેજરીવાનો નિર્ણય ગુજરાત સહિત બીજા રાજ્યોએ પણ અપનાવવા જેવો છે. તોજ ઓમિક્રોનને અટકાવી શકાશે.

દિલ્હીની એલએનજેપી હોસ્પિટલના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે ઓમીક્રોનના ૨૦ દર્દીઓમાંથી ૧૮ દર્દીઓ વેક્સિનના બંને ડોઝ લઈ ચૂક્યા હતા. જ્યારે બીજા બે દર્દીઓ એક એક ડોઝ લઈ ચૂક્યા હતા છતાં તેમનામાં આઅ વેરિયન્ટ જોવા મળ્યો હતો. જો કે સારી બાબત એ છે કે આ કેસોમાં ગંભીર લક્ષણો હજુ સુધી દેખાયા નથી.

## પીએમ મોદી આજે પ્રયાગરાજમાં,બે લાખથી વધુ મહિલાઓ કાર્યક્રમમાં સામેલ થશે

પ્રયાગરાજ, ગત દિવસોમાં નરેન્દ્ર મોદીની ચૂંટણી રાજ્યની મુલાકાતની સંખ્યામાં વધારો થયો છે. પીએમ મોદી મંગળવારે પ્રયાગરાજ આવવાના છે. આ કાર્યક્રમમાં બપોરે લગભગ એક વાગે લગભગ ૨ લાખથી વધારે મહિલાઓ સામેલ થશે. પીએમઓ અનુસાર મહિલાઓની જરુર કૌશલ પ્રોત્સાહન અને સંસાધન પ્રદાન કરવા, વિશેષ રુપમાં જમીની સ્તર પર મહિલાઓને સશક્ત બનાવવા માટે પીએમના દષ્ટિકોણ અનુસાર કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યો છે.પીએમઓએ જણાવ્યું કે મહિલાઓને સમર્થન આપવાના પ્રયાસમાં પીએમ સ્વયં સહાયતા ગ્રુપ(એસએચજી)ને બેંક ખાતામાં ૧૦૦૦ કરોડ રુપિયાની રકમ હસ્તાંતરિત કરશે. જેનાથી એસએચજી લગભગ ૧૬ લાખ મહિલા સભ્યોને લાભ થશે. નિવેદન મુજબ આ ટ્રાન્સફર દીનદયાલ અત્યોંદય યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત કરવામાં આવશે. જેમાં ૮૦,૦૦૦ એસએચજી પ્રતિ એસએચજી ૧.૧૦ લાખ રુપિયા સીઆઈએફ મેળવી રહ્યા છે અને ૬૦,૦૦૦ એસએચજી પ્રતિ એસએચજી ૧૫૦૦૦ રુપિયા રિવાલ્વિંગ ફંડ પ્રાપ્ત કરી રહ્યા છે.પીએમઓએ જણાવ્યું કે આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આ કાર્યક્રમમાં બિઝનેસ કોરેસ્પોન્ડર સખીઓને પ્રોત્સાહિત કરશે. પીએમ ૨૦,૦૦૦ મહિલાઓના ખાતામાં પહેલા મહિને વજીફેના રુપમાં ૪૦૦૦ રુપિયા ટ્રાન્સફર કરશે.

પીએમઓ મુજબ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદી સીએમ કન્યા સુમંગલા યોજના હેઠળ ૧ લાખથી વધારે લાભાર્થીઓને કુલ ૨૦ કરોડ રુપિયાથી વધારે રકમ પણ ટ્રાન્સફર કરશે. પીએમઓએ કહ્યું કે આ યોજના એક બાલિકાના જીવને વિભિન્ન સ્તર પર સશર્ત રોકડ હસ્તાંતરણ પ્રદાન કરે છે. આ અંતર્ગત ૧૫૦૦૦ રુપિયા આપવામાં આવશે.પીએમે જણાવ્યું કે જન્મના સમયે ૨૦૦૦ રુપિયા, એક વર્ષના રસીકરણ પૂરુ કરવા પર ૧ હજાર, ધોરણ આઈ I માં પ્રવેશ પર ૨૦૦૦ રુપિયા, ધોરણ વીઆઈમાં પ્રવેશ પર ૨૦૦૦ રુપિયા, ધોરણ આઈએકસ્માં પ્રવેશ પર ૩૦૦૦ રુપિયા, ૧૦માં અને ૧૨માં ધોરણ પાસ કરવા પર ૫૦૦૦ રુપિયા આપવામાં આવે છે. સાથે જણાવવામાં આવ્યું કે પીએમ ૨૦૨ પૂરક પોષાહાર નિર્માણ એકમનો શિલાન્યાસ કરશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દાહોદ જીલ્લાની ૩૨૭ ગ્રામ પંચાયતોની મત ગણતરી તાલુકા મથકોએ યોજવા તંત્રની તૈયારી પૂર્ણ

દાહોદ, દાહોદ જિલ્લામાં ગતરોજ ૩૨૭ ગ્રામ પંચાયતોની ચુંટણી સમ્પન્ન થઈ છે. દાહોદ જિલ્લામાં કુલ મતદાન ૮૨.૪૧ ટકા થયું છે. આજે એટલે કે, તારીખ ૨૧મી ડિસેમ્બરને મંગળવારના રોજ મત પેટીઓમાં સીલ થયેલ ઉમેદવારોનું ભાવી ખુલશે અને કયો ઉમેદવાર જીતશે અને કયો ઉમેદવાર હારશે તે નક્કી થનાર છે. સૌથી વધુ મતદાન દેવગઢ બારીઆમાં ૮૭.૫૯ ટકા થયું છે. જ્યારે સૌથી ઓછુ મતદાન સંજલી તાલુકામાં ૭૭.૨૫ ટકા થયું છે.દાહોદ જિલ્લામાં ૨૪ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થતાં ૩૨૭ ગ્રામ પંચાયતોની ચુંટણી ગતરોજ યોજાઈ ગઈ. વહેલી સવારથીજ કડકતી ઠંડીમાં મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. શાંતિપુર્ણ રીતે દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતની ચુંટણી સંપન્ન થઈ હતી. જિલ્લામાં કુલ મતદાન ૮૨.૪૧ ટકા નોંધાયું છે. દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૯ તાલુકા દીઠ મતદાનની વાત કરીએ તો, દાહોદ તાલુકામાં ૮૧.૬૬ ટકા, ગરબાડા તાલુકામાં ૭૯.૩૬ ટકા, ઝાલોદ તાલુકામાં ૮૨.૬૪ ટકા, ફતેપુરા તાલુકામાં ૮૦.૩૦ ટકા, સંજેલી તાલુકામાં ૭૭.૨૫ ટકા, લીમખેડા તાલુકામાં ૮૫.૮૩ ટકા, ધાનપુર તાલુકામાં ૮૦.૩૧ ટકા, સીંગવડ તાલુકામાં ૮૪.૦૦ ટકા અને દેવગઢ બારીઆમાં ૮૭.૫૯ ટકા મતદાન થયું છે. આજે એટલે કે, તારીખ ૨૧મી ડિસેમ્બરને મંગળવારના રોજ મત પેટીઓ ખુલશે અને મતગણતરી થનાર છે ત્યારે વહેલી સવારથીજ ઉમેદવારો પોતપોતાના સમર્થક, કાર્યકરો સાથે મતગણતરી સ્થળે પહોંચી જશે. મતગણતરીના દિવસે પણ કોઈ અનીચ્છીચન બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવનાર છે. દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૦૯ તાલુકાઓમાં કુલ ૩૫૧ પૈકી ૩૨૭ ગ્રામ પંચાયતોમાં ચુંટણી યોજાઈ હતી. દાહોદ જિલ્લામાં કુલ ૮૦૫૩૫૬ મતદારોનો સમાવેશ થાય છે. જેમાં પુરૂષ ૪૦૧૫૭૬ અને મહિલા ૪૦૩૭૮૦ની સંખ્યા ધરાવે છે. દાહોદ તાલુકાની વાત કરીએ તો, દાહોદ તાલુકામાં કુલ ૫૫ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઈ હતી. જેમાં પુરૂષ મતદારો અને મહિલા મતદારોની સંખ્યાની વાત કરીએ તો પુરૂષ મતદારોમાં કુલ ૯૪૪૮૩ અને મહિલા મતદારોમાં ૯૪૮૮૧ મળી કુલ ૧૮૯૩૬૪ મતદારો સમાવિષ્ટ છે.તેવીજ રીતે ગરબાડા તાલુકાની વાત કરીએ તો ગરબાડા તાલુકામાં કુલ ૨૧ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઈ હતી જેમાં પુરૂષ મતદારોમાં ૩૫૮૮૦ અને મહિલા મતદારોમાં ૩૬૧૭૯ મળી કુલ ૭૨૦૫૯ મતદારોનો સમાવેશ થાય છે.

## દાહોદ જિલ્લામાં મતદાન કરવામાં મહિલાઓ પુરૂષોની હરોળમાં અગ્રેસર...

દાહોદ જિલ્લામાં પંચાયતની ચુંટણી હોય, લોકસભાની ચુંટણી હોય કે, પછી વિધાનસભાની ચુંટણી હોય તમામ ચુંટણીઓમાં મહિલાઓ મતદાન પ્રત્યે જાગૃતતા દર્શાવી છે. વહેલી સવારથી મહિલાઓની લાંબી કતારો જોવા મળી હતી. પરિવારની તેમજ ગૃહસ્થ જીવનની જવાબદારીઓ સાથે સાથે મહિલાઓ મતદાન કરતાં ચુકી નથી. દાહોદ જિલ્લામાં મહિલાઓએ મતદાન કરવામાં અગ્રસતા દાખવી છે. સ્ત્રી શક્તિ આજે સાચા અર્થમાં સાર્થક થતી જોવા મળી હતી. દાહોદ જિલ્લા ગ્રામ પંચાયતમાં મહિલા મતદારોની સંખ્યાની વાત કરીએ તો કુલ ૪૦૦૩૨૩ મતદારો નોંધાયાં છે તેમાંય સાંજના પાંચ વાગ્યા સુધી ૩૦૪૨૦૬ મહિલાઓએ મતદાન કર્યું હતું. જેની સંખ્યામાં જિલ્લામાં પુરૂષોની વાત કરીએ તો ૩૯૮૧૪૮ મતદારોનો સમાવેશ થાય છે. જેમાં ૨૯૯૧૮૨ પુરૂષ મતદારોએ મતદાન કર્યું હતું.

ઝાલોદમાં ૪૩ ગ્રામ પંચાયતોમાં ૫૩૪૯૯ પુરૂષ મતદારો અને ૫૨૪૫૯ મહિલા મતદારો મળી કુલ ૧૦૫૯૫૮ મતદારોનો સમાવેશ થાય છે.

ફતેપુરામાં ૩૨ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં પુરૂષ મતદારોમાં ૪૧૫૭૦ અને મહિલા મતદારોમાં ૪૧૬૯૯ મળી કુલ ૮૩૨૬૯ મતદારોનો સમાવેશ થાય છે.સંજેલીમાં કુલ ૧૨ ગ્રામ પંચાયતોમાં ૧૬૯૯૫ પુરૂષ મતદારો અને ૧૭૨૦૯ મહિલા મતદારો મળી કુલ ૩૪૨૦૪ મતદારોનો સમાવેશ થાય છે.

લીમખેડામાં ૩૬ ગ્રામ પંચાયતોમાં ૩૯૫૧૦ પુરૂષ મતદારો અને ૪૦૩૬૦ મહિલા મતદારો મળી કુલ ૭૯૮૭૦ મતદારોનો સમાવેશ થાય છે.

ધાનપુરમાં ૪૪ ગ્રામ પંચાયતોમાં પુરૂષ મતદારોમાં ૪૪૪૫૧ અને મહિલા મતદારોમાં ૪૪૫૭૬ મળી કુલ ૮૯૦૨૯ મતદારોનો સમાવેશ થાય છે.સીંગવડમાં ૩૦ ગ્રામ પંચાયતોમાં ૨૭૩૭૪ પુરૂષ મતદારો અને ૨૭૭૪૩ મહિલા મળી કુલ ૫૫૧૧૭ મતદારોનો સમાવેશ થાય છે.દેવગઢ બારીઆમાં ૫૧ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઈ હતી. જેમાં ૪૭૮૧૪ પુરૂષ મતદારો અને ૪૮૬૭૪ મહિલા મતદારો મળી કુલ ૯૬૪૮૮ મતદારોનો સમાવેશ થાય છે.

# ઝાલોદના પીપળીયા ગામે છોકરી ભગાડી જવાના મામલે છોકરી પક્ષે પથ્થર મારો કરી તોડફોડ કરી

ઝાલોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પીપળીયા ગામે યુવક છોકરી ભગાડી લઈ ગયાં બાદ તેને સોંપી દેવાના મામલે છોકરી પક્ષના મહિલા સહિત ૧૦ ઈસમો ટોળાએ ઘર પર પથ્થર મારો કરી, ઘરમાં ઘુસી જઈ સરસામાનની તોડ ફોડ કરી ઘર પર પથ્થર મારો કરી નળીયાની તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પીપળીયા ગામે ડાંગી ફળિયામાં રહેતાં સુરસીંગભાઈ માનસીંગભાઈ ભાભોર ભત્રીજો સુનીલભાઈ હવસીંગભાઈ ભાભોર થોડા દિવસો પહેલા ગામમાં રહેતી એક યુવતીને ભગાડીને લઈ ગયો હતો. આ મામલે યુવતીના પરિવારજનો ચીમનભાઈ પારસીંગભાઈ, ગીતાબેન ચીમનભાઈ, શૈલેષભાઈ પારસીંગભાઈ, વેલાબેન રાકેશભાઈ, રસનભાઈ નરસીંગભાઈ, કસનભાઈ સમસુભાઈ, દિનેશભાઈ કસનભાઈ, માધુભાઈ કસનભાઈ, રૂપલાભાઈ રમસુભાઈ અને કુસુમબેન અલ્પેશભાઈ તમામ જાતે આમલીયારનાઓ ગત તા.૧૮મી ડિસેમ્બરના રોજ સુરસીંગભાઈ ભાભોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી છોકડી સોંપી દેવા મામલે બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડીઓ તથા પથ્થરો લઈ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી સુરસીંભાઈના ઘરમાં ટોળુ ઘુસી ગયું હતું અને ઘરમાં તોડફોડ કરી સરસામાન, ઘર પર પથ્થર મારો કરી તેમજ ઘરના માણસો પર પથ્થર મારો કરી ઘરના નળીયાની તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે સુરસીંગભાઈ માનસીંગભાઈ ભાભોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ગેસ્ટ હાઉસમાં રોકાયેલ વ્યકિતના ઉઘરાણીના ૧.૮૦ લાખની ચોરી કરતા ઈસમ સીસી ટીવીમાં કેદ

દાહોદ, દાહોદ શહેરની એક ગેસ્ટ હાઉસમાં ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં ગેસ્ટ હાઉસમાં રોકાયેલ એક વ્યક્તિના ઉઘરાણીના કુલ રૂા. ૧,૮૦,૬૭૦ તેનીજ સાથેના એક વ્યક્તિએ ચોરી કરી લઈ નાસી જતાં સમગ્ર મામલે ગેસ્ટ હાઉસના સીસીટીવી કેમેરામાં આરોપી કેદ થઈ જતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.કમલેશભાઈ કનૈયાલાલ ઉપાધ્યાય (ઉ.વ. ૬૦, રહે. અમદાવાદ) ગત તા.૧૭મી ડિસેમ્બરના રોજ દાહોદ શહેરમાં આવેલ શકિત ગેસ્ટ હાઉસમાં રોકાયાં હતાં અને તેની સાથે અન્ય એક વ્યકિત જતીનભાઈ રમેશભભાઈ શેઠ (રહે. ભાવનગર) પણ શકિત ગેસ્ટ હાઉસમાં રોકાયાં હતાં. આ દમ્યાન રાત્રીના દશ થી વહેલી સવારના ૧૦ વાગ્યાના આસપાસ કમલેશભાઈના ઓટો પાર્ટસ માર્કેટીંગના ધંધાના અલગ અલગ દુકાનોએથી ઉઘરાવીને લાવેલ રોકડા રૂપીયા ૧,૮૦,૬૭૦ ગેસ્ટ હાઉસના લોકરમાં એક પર્સમાં મુકી રાખ્યાં હતાં. આ રોકડા રૂપીયા ભરેલ પર્સ ચોરી થઈ ગયું હતું. ચોરીની ઘટનાને પગલે ગેસ્ટ હાઉસમાં ચક્ચાર મચી જવા પામી હતી અને કમલેશભાઈ દ્વારા ગેસ્ટ હાઉસના સીસીટીવીની ચકાસણી કરવા કહેતા ગેસ્ટ હાઉસના સંચાલકો દ્વારા સીસીટીવી ફુટેજની ચકાસણી કરતાં રોકડા ૧,૮૦,૬૭૦ રૂપીયા ભરેલ પર્સ જતીનભાઈ ચોરી કરતાં હોવાનું સીસીટીવી ફુટેજમાં જોવાતાં આ સંબંધે કમલેશભાઈ કનૈયાલાલ ઉપાધ્યાયે જતીનભાઈ રમેશભાઈ શેઠ વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના રળીયાતી ભુરા ગામે ઘર આગળથી નિકળવા માટે મારમારતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના રળીયાતીભુરા ગામે ઘરની આગળથી નીકળા બાબતે ત્રણ જણાએ ભેગા મળી એકને લાપટો ઝાપટો તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૧૯મી ડિસેમ્બરના રોજ રળીયાતીભુરા ગામે ડામોર ફળિયામાં રહેતાં વિજયભાઈ વિરસીંગભાઈ ડામોર પોતાના ગામમાં રહેતાં તુરસીંગભાઈ નારસીંગભાઈ ડામોરના ઘર આગળથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન તુરસીંગભાઈ, હરેશભાઈ તુરસીંગભાઈ ડામોર તથા નરેશભાઈ તુરસીંગભાઈ ડામોરનાઓએ વિજયભાઈને રસ્તામાં રોક્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું મારા આંગણામાંથી કેમ નીકળે છે, તેમ કહેતાં વિજયભાઈએ કહેલ કે, આ રસ્તો સરકારી છે, તું મને ના કેમ પાડે છે, તેમ કહેતાં ઉપરોક્ત ત્રણેય જણા એકદમ ઉશ્કેરાયાં હતાં અને વિજયભાઈને પકડી પાડી, લાપટો ઝાપટો મારી, કોલર પકડી ગડદાપાટુના માર માર્યો હતો અને કહેવા લાગેલ કે, તું મારા મંડપના ધંધામાં કેમ નડે છે, આજે તો તને જીવતો નહીં જવા દઉં, તેમ કહેતાં વિજયભાઈએ બુમાબુમ કરી મુકતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને વિજયભાઈને છોડવ્યાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત વિજયભાઈ વીરસીંગભાઈ ડામોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાનૂની સહાય અને મહિલા જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો




દાહોદ, ફ્રીલેન્ડ ગંજ ખાતે આવેલી હિન્દી હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓને દાહોદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને સખી વન સ્ટોપ સેન્ટર, દાહોદના સંયુક્ત ઉપક્રમે મહિલા જાગૃતિની જાણકારી સંધ્યાબેને ડિંડોડ કેન્દ્ર સંચાલક દ્વારા હિંસાથી પીડિત મહિલાઓ માટે સરકારની વિવિધ યોજનામાં "સખી" વાં સ્ટોપ સેન્ટરની ભૂમિકાઓ વિશે તેમજ દાહોદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ગરીબ, મધ્ય વર્ગના ગુનેગારોને મળતી કાનૂની સહાયની જાણકારી હીરાલાલ સોલંકી પેરા લીગલ વોલિયન્ટરે આપી. સ્કૂલના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સ્કૂલના આચાર્ય પટેલે સહકાર આપ્યો હતો.

# દાહોદ જિલ્લાની મહિલાઓ માટે મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ચાલતા વિવિધ કોર્ષ કરવાની સૂર્વણ તક

દાહોદ, દાહોદ જિલ્લાની મહિલાઓ માટે મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ચાલતા વિવિધ કોર્ષ કરવાની સૂર્વણ તક છે. ખાસ કરીને રાજ્ય સરકારે તેમાં વયમર્યાદામાં મુક્તિ આપી છે તેમજ આ કોર્ષ સંપૂર્ણ નિશુઃલ્ક કરવામાં આવ્યા છે ત્યારે જિલ્લાની મહિલાઓએ નવા કૌશલ્ય શીખીને આત્મનિર્ભર થવા માટે આ કોર્ષમાં જરૂરથી જોડાવું જોઈએ. વિગતે વાત કરીએ તો મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દાહોદ ખાતે કારીગર તાલીમ યોજના અંતર્ગત ચાલતા વ્યવસાય–ટ્રેડમાં ફક્ત મહિલાઓ અને ટ્રાઇબલ બેઠકો મેરીટના ધોરણે ભરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા પ્રવેશ મેળવવા ઈચ્છતી તમામ મહિલાઓને ટ્યુશન ફી તેમજ વયમર્યાદામાં મુક્તિ આપવામાં આવી છે.

સંસ્થા ખાતે ઉપલબ્ધ કોર્ષમાં વેલ્ડર, ડીટીપીઓ, સુઇંગ ટેક્નોલોજી– સિવણ, કટીંગ એન્ડ સુઇંગ, બેઝિક કોસ્મોલોજી બ્યુટીપાર્લર, બ્યુટીશીયન, ફેશન ડિઝાઈનીંગ ટેક્નોલોજી–સિવણ, ફેશન ડિઝાઇન, ઇલેક્ટ્રીશિયન, ફિટર જેવા કોર્ષમાં એક વર્ષથી ૨ વર્ષ સુધીની તાલીમ આપવામાં આવશે. તેમજ શૈક્ષણિક લાયકાત ધોરણ ૮ થી ધોરણ ૧૦ પાસની છે. મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ જિલ્લાની મહિલાઓને આ તકનો લાભ લેવા જણાવ્યું છે.

# ઝાલોદ તાલુકાના કંબોઇ ધામ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાની ઉપસ્થિતિમાં જન્મ જયંતીની ઉજવણી કરાઈ



ઝાલોદ, ઝાલોદ તાલુકાના કંબોઈ ધામ ખાતે ગુરૂ ગોવિંદમહારાજની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. મંદીર પર સંતો દ્વારા દવજા આરોહણ કરવામા આવ્યુ હતું. ત્યારબાદ મહાનુભાવોએ ગોવિંદ ગુરૂના દર્શન ર્ક્યાં હતા. સભાખંડમાં બી.ડી.વાઘેલા અને મહેશભાઇ ભુરીયા દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન ર્ક્યું હતું. ત્યારબાદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા એ સમસ્ત ભક્તજનોને જે રામજી જે ગુરૂમાલિક થી સંબોધીને જણાવ્યુ હતું કે, આદિવાસી સમાજના પ્રણેતા ધર્મગુરૂ સમાજ ને ઉજાગર કરનાર,સમાજ ના પ્રણેતા આદિવાસી સમાજના સુધારક ભગત ક્રાંતિના પ્રણેતા તેમજ સંપસભા માનગઢ ના સ્થાપક છે, એવા ગુરૂ ગોવિંદ મહારાજ કે જેમણે અંગ્રેજો અને રજવાડા સામે આદિવાસીની સમાજના ક્રાંતિના બીજ રોપી ક્રાંતિકારી સમાજ સુધારક ગોવિંદ ગુરૂ મહારાજની ૧૬૩ મી જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી છે. જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, નિવૃત ડી. આઇ.જી. બી.ડી. વાઘેલા, પૂર્વ ધારાસભ્ય મહેશભાઇ ભુરીયા, મહામંત્રી મુકેશભાઇ પરમાર સહીત મોટી સંખ્યામાં મહિલાઓ ભક્તજનો ઉપસ્થિત રહ્યાં હતા. સમસ્ત કાર્યક્રમનું આયોજન જય ગુરૂ ગોવિંદ ટ્રસ્ટ કંબોઇ ધામ દ્વારા કરવામાં આવ્યું હતું. ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# દાહોદની સરકારી ઈજનેરી કોલેજના મિકેનિકલ વિભાગ દ્વારા પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેંટ પ્રોગ્રામ સફળતાપૂર્વક સંપન્ન

દાહોદ, દાહોદની સરકારી ઈજનેરી કોલેજના મિકેનિકલ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના વિકાસ સાથે પ્રોફેસરના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી કરંટ ફિલ્ડ પ્રેક્ટીશસીસ ફોર એનર્જી એન્ડ યુટિલીટી સિસ્ટમ વિષય ઉપર પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેંટ પ્રોગ્રામ ગત અઠવાડીયે યોજાયો હતો. જેમાં ભારતની નામાંકિત ટેક્નોલોજીકલ સંસ્થાઓ, ઉદ્યોગો તેમજ સંશોધક સંસ્થાઓના વિષય નિષ્ણાંતો તથા વિદેશના રિસર્ચર દ્વારા હાલ એનર્જી પ્રોડક્શન તથા યુટીલીટી સંબંધિત સિસ્ટમોમાં પ્રવર્તમાન પદ્ધતિઓ તથા થઇ રહેલા સંશોધનો વિશેની જાણકારી ઓનલાઇન મોડ પર આપવામાં આવી હતી. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન પ્રો. ડી.આર.શાહ તેમજ પ્રો. પી.કે.બ્રહ્મભટ્ટના માર્ગદર્શનમાં કરાયું હતું. આ કાર્યક્રમમાં આઈઆઈટી દિલ્હીના પ્રો. વિરેન્દ્ર વિજય મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અધ્યાપકો, સંશોધકોએ ભાગ લીધો હતો.

# લીમખેડાના વરેડા ગામે ફોર વ્હીલ ચાલકે બાઈકને ટકકર મારતા ચાલકનું મોત

લીમખેડા, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના વટેડા ગામે હાઈવે રોડ પર એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલ એક ૫૩ વર્ષીય મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં મોટરસાઈકલના ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજયાનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી ડિસેમ્બરના રોજ મધ્યપ્રદેશ પાસીંગની એક ફોર વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી લઈ વટેડા ગામેથી હાઈવે રોડ પરથી પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે વહેલી સવારના આઠેક વાગ્યા હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ત્યાંથી ૫૩ વર્ષીય કુત્બુદ્દીન સજજાદભાઈ દુધિયાવાલા (રહે.દાહોદ, દુધિયાવાલાની શેરી, તા.જિ.દાહોદ) નાની મોટરસાઈકલને ફોર વ્હીલર ગાડીના ચાલકે અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં કુત્બુદ્દીનભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતાં જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.આ સંબંધે મૃતક કુત્બુદ્દીભાઈના ભાઈ કાઈદભાઈ સજજાદભાઈ દુધિયાવાલાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.101

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# પંચમહાલ જીલ્લાના ૭ તાલુકાની ૩૪૮ ગ્રામ પંચાયતોની મત ગણતરી તાલુકા મથકે ખાતે હાથ ધરાશે

## ગ્રામ પંચાયતોની મત ગણતરીને લગતી તૈયારી પૂર્ણ થઈ.

## મત ગણતરીના સ્થળોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ૭ તાલુકાની ૩૫૦ ગ્રામ પંચાયતોનું ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં પુરી થઈ છે. ત્યારે ૨૧ ડીસેમ્બરના રોજ જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતોની મત ગણતરી જે તે તાલુકા મથકો ઉપર યોજાવા માટે જીલ્લા ચુંટણી તંત્ર દ્વારા તૈયારીઓ પુરી કરવામાં આવી વહેલી સવાર થી હાથ ધરનાર મત ગણતરીમાં બેલેટ પેપરથી ગણતરી હાથ ધરાનાર હોય તેને ત્યારે ગ્રામ પંચાયતોના ચુંટણી પરિણામો આવવામાં મોડી સાંજ પણ થઈ શકે છે.

પંચમહાલ જીલ્લાના ૭ તાલુકાના ૩૫૦ ગ્રામ પંચાયતોનું ચુંટણી મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. ૩૫૦ ગ્રામ પંચાયતો પૈકી મોરવા(હ) તાલુકાની વિરણીયા અને દેલોલ ગ્રામ પંચાયતોની ચુંટણી મતદાન મોકુફ રાખવામાં આવ્યું હતું. તે ૨૦ ડીસેમ્બરના રોજ મતદાન યોજવામાં આવ્યું. આંમ, ૩૫૦ ગ્રામ પંચાયતોની ચુંટણી મતદાન પુરું થયેલ છે. ત્યારે ૨૧ ડીસેમ્બરના રોજ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને સભ્યપદના થયેલ મતદાનની મત ગણતરી જે તે તાલુકા મથકો ખાતે હાથ ધરવામાં આવનાર છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તાલુકા મથકો ખાતે યોજાનાર મત ગણતરીને લઈ તાલુકા ચુંટણી અધિકારીઓને મત ગણતરીને લગતી તૈયારી કરવાની સુચનાના આધારે મત ગણતરી માટેની તૈયારી પુરી કરવામાં આવી છે. તાલુકા મથકો ખાતે યોજાનાર મત ગણતરી સ્થળો ખાતે ચુસ્ત બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મત ગણતરીના સ્થળની ૨૦૦ મીટરની ત્રિજયામાં સમર્થકોને પ્રવેશ પ્રતિબંધ કરવામાં આવ્યો છે. પંચમહાલ જીલ્લાના ૭ તાલુકા મથકો ઉપર યોજાનાર મત ગણતરી માટે જીલ્લા ચુંટણી તંત્ર પણ સર્તક બન્યું છે અને શાંતિપૂર્ણ માહોલમાં ગ્રામ પંચાયતોની ચુંટણી સંપન્ન થાય તેવી તકેદારી રાખવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાના ૭ તાલુકા મથકો ખાતે યોજાનાર મત ગણાતરીના સ્થળોએ સરપંચ ઉમેદવારો અને સભ્ય ઉમેદવારોના સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડશે ત્યારે જીલ્લા ચુંટણી તંત્ર દ્વારા મત ગણાતરી સ્થળોએ ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### પંચમહાલ જીલ્લાની ગ્રામ પંચાયતોની મત ગણતરીના સ્થળ...

| તાલુકો | મતગતરી સ્થળ |
|---|---|
| ગોધરા | સરકારી પોલીટેકનીક કોલેજ, ગદુકપુર |
| કાલોલ | એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ |
| હાલોલ | સરકારી પોલીટેકનીક કોલેજ, કંજરી |
| ઘોઘંબા | શ્રી એચ.એસ.વરીઆ, હાઈસ્કુલ |
| જાંબુઘોડા | સરકારી આઈ.ટી.આઈ., ખરેડીવાવ, જાંબુઘોડા |
| શહેરા | મોડલ સ્કુલ, કાંકરી, શહેરા |
| મોરવા(હ) | સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, મોરવા(હ). |

# અખિલ ગુજરાત સિંધી સારસ્વત બ્રાહ્મણ સમાજની કારોબારીની મીટીંગ યોજાઈ



ગોધરા,

તાઃ- ૧૯-૧૨-૨૦૨૧રવિવારના રોજ અખિલ ગુજરાત સિંધી સારસ્વત બ્રાહ્મણ સમાજની કારોબારી કમિટીની મિટિંગ કારેલ જેમાં પ્રમુખ પરશુરામ શર્માએ નવા પદો જાહેર કર્યા. જેમાં અખિલ ગુજરાત સિંધી સારસ્વત બ્રાહ્મણ સમાજના ચેરમેન પદે જગદીશ ધર શર્મા, ઉપપ્રમુખ કિશોર ટી. શર્મા તથા કારોબારીમાં તમામ નવા પદોની જાહેરાત કરી અન્ય એક તકરાર નિવારણ કમિટીની પણ જાહેરાત કરી તથા સંસ્કાર દર્શન નામનું પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. જેમાં શુભ તથા શોક પ્રસંગો ના વિધિ વિધાન શ્લોક સાથે ઉલેખ છે અને કોરોનામાં ગુજરી ગયેલ બ્રાહ્મણોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી, અને બ્રાહ્મણ પંચાયત ફક્ત સમાજ માટે નહીં પર દેશ માટે ભી કામ કરે છે. જે જણાવતા બધા બ્રાહ્મણોને વેકસીનેશન કરવા આપીલ કરાઈ અને કોરોના નિયમોને લઈ બ્રાહ્મણો બધામાં જાગૃતતા લાવે તે માટે અહેવાલ આપવામાં આવ્યું. આ સંમેલનનો હેતુ છોકરી છોકરાઓના લગ્ન સગપણ સમાજમાં થાય અને જલ્દી થાય એ હેતુ થી વર્કિંગ કમિટીની મિટિંગ બોલાવી તમામ બ્રાહ્મણોને સૂચન આપ્યા. આ અગાઉ બ્રાહ્મણ આ બ્રાહ્મણ પંચાયતે આખા ભારત તથા દેશ વિદેશ રહેતા તમામ સિંધી બ્રાહ્મણોના દુઃખદ શોક સંદેશ શ્રદ્ધાંજલિ શોકસભાના મેસેજ તમામ સોશિયલ મીડિયા નોર ઉજાગર કર્યા છે અને કરે છે. જેથી બધા બ્રાહ્મણો દુઃખના સમયમાં સાથે આવે અને બધાને જાણ થાય. આ અગાઉ આ બ્રાહ્મણ પંચાયતે અને પ્રમુખ એ ગુજરાતના રાજકોટ, જામનગર, અમદાવાદ શહેરોમાં બ્રાહ્મણ પંચાયતનું ગઠન કર્યું અને અમદાવાદમાં ૧ નારી શક્તિ સિંધી સારસ્વત બ્રાહ્મણ સમાજ નામ થી. બ્રાહ્મણ મહિલાઓની પણ અલગ પંચાયત બનાવવામાં આવી જેથી કરીને નારી સશક્તિ કરણને વેગ મળે અને સ્ત્રીને સમાજમાં સારૂં સ્થાન આમજીક કર્યોમાં આગળ આવે. અખિલ ગુજરાત સિંધી સારસ્વત બ્રાહ્મણ સમાજની કારોબારીમાં ગુજરાતમાં ખૂણે ખૂણે થી આવેલ બ્રાહ્મણો અમદાવાદ, આનંદ, ડીસા, કપડવંજ, ગાંધીધામ, વલસાડ, કેશોદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, શહેરા તથા ગોધરા ઉપરોક્ત તમામ ગામો માંથી બ્રહ્મ સમાજ આવેલ. બ્રાહ્મણોના છોકરા છોકરીઓનું શિક્ષણ વધે તે બાબતે સૂચનો આપ્યા પ્રોગ્રામમાં હાજર રહેલ.

# મોરવા(હ) તાલુકાની ૨ ગ્રામ પંચાયતોની આજે યોજાયેલી ચૂંટણીમાં ૬૧.૮૧ ટકા મતદાન



ગોધરા,

પંચમહાલ જિલ્લાની ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં જિલ્લા ચૂંટણી તંત્રના જણાવ્યા અનુસાર ૭૯.૪૭ ટકા મતદાન નોંધાયું છે. જિલ્લાની ૩૪૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં કુલ ૫,૫૩,૩૧૬ મતદારોએ પોતાનો મત આપ્યો હતો. મતદાનમાં પુરૂષ અને સ્ત્રી મતદારોના મતદાનની ટકાવારી મહદઅંશે સમાન રહી હતી. પુરૂષ મતદારોની ટકાવારી ૭૯.૮૬ અને સ્ત્રી મતદારોની ટકાવારી ૭૯.૦૬ ટકા રહી છે. તાલુકા પ્રમાણે ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં મતવારીની સંખ્યા જોઈએ તો, ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતો માટે કુલ ૧,૪૭,૪૬૪ મતદારો પૈકી ૧,૧૮,૬૬૫ મતદારોએ મતદાન કર્યું હતું, જે ટકાવારી પ્રમાણે ૮૦..૪૭ ટકા રહ્યું છે. કાલોલ તાલુકાની ૪૪ ગ્રામ પંચાયતો માટે કુલ ૯૯,૨૭૯ મતદારો પૈકી ૭૯,૬૧૦ મતદારોએ પોતાનો મત આપ્યો હતો, જે ૮૦.૧૯ ટકા રહ્યું હતું. હાલોલ તાલુકાની ૬૬ ગ્રામ પંચાયતોમાં નોંધાયેલ કુલ ૯૧,૪૧૭ મતદારોમાંથી કુલ ૭૫,૩૮૭ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જેની ટકાવારી ૮૨.૪૬ રહી છે. ઘોઘંબા તાલુકાની ૫૯ ગ્રામ પંચાયતોમાં નોંધાયેલા ૧,૦૭,૭૦૨ મતદારો પૈકી ૯૧,૦૪૮ મતદારોએ વોટ આપ્યો હતો. જેની કુલ ટકાવારી ૮૪.૫૪ ટકા રહી છે. જાંબુઘોડાની ૨૪ ગ્રામ પંચાયતોમાં નોંધાયેલ ૨૯,૩૬૬ મતદારો પૈકી ૨૪,૮૮૬ મતદારોએ મતદાન કર્યું હતું. જે ટકાવારીની રીતે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ એટલે કે ૮૪.૭૪ ટકા નોંધાયું છે. જ્યારે શહેરા તાલુકામાં સૌથી ઓછું મતદાન નોંધાયું હતું. શહેરા તાલુકાની ૫૬ ગ્રામ પંચાયતો માટે નોંધાયેલા કુલ ૧,૩૦,૩૭૪ મતદારો પૈકી કુલ ૯૫,૬૪૬ મતદારોએ પોતાના મત આપવાના અધિકારનો ઉપયોગ કર્યો હતો. જે ટકાવારીની દ્રષ્ટિએ ૭૩.૩૬ ટકા રહ્યું છે. મોરવા હડફ તાલુકાની ૩૫ ગ્રામ પંચાયતો માટે નોંધાયેલા ૯૦,૬૫૩ મતદારો પૈકી ૬૮,૦૭૪ મતદારોએ મતદાન કર્યું હતું. જેની ટકાવારી ૭૫.૦૯ ટકા રહી છે. જ્યારે ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીની વાત કરીએ તો હાલોલ તાલુકાની ૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં નોંધાયેલા કુલ ૧૫૫૨ મતદારો પૈકી ૧૩૨૮ મતદારો મત આપ્યો હતો, જે ટકાવારીની રીતે ૮૫.૫૭ ટકા થવા જાય છે. મોરવા હડફની ૨ ગ્રામ પંચાયતો દેલોચ અને વિરણીયા કે જેમનું મતદાન કાલે રદ કરવામાં આવ્યું હતું, તેમની આજે થયેલી ચૂંટણીમાં નોંધાયેલા ૪૧૪૮ મતદારો પૈકી ૨૫૬૪ મતદારોએ મત આપ્યો હતો. ટકાવારીની રીતે ૬૦.૧૫ ટકા પુરૂષ મતદારો અને ૬૩.૫૩ મહિલા મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ વ તી ક ા લ ે તા.૨૧.૧૨.૨૦૨૧નાં રોજ તાલુકા મથકોએ મતગણતરી હાથ ધરવામાં આવશે.

# કાલોલના એરાલગામમાં 30 મતનું સેટિંગ કરીઆપવાની વાતચીતનો ઓડીયો વાયરલ થતાં પંચમહાલ જિલ્લા ચુંટણીપંચ ચિંતીત

કાલોલ તાલુકાની એરાલગ્રામ પંચાયતની ચુંટણીમાં ૩૦ મતનું સેટીંગ કરી આપશે. બે શખ્સ વચ્ચે થયેલી વાતચીત માં એક અંજાન શખ્સ મયંક નામના શખ્સ સાથે વાતચીત દરમિયાન ૩૦ મત ના સેટિંગ માટે થયેલ વાતચીત નો ઓડીયો વાયરલ થતાં અને એજ એરાલગામનાં ત્રણ નંબરના વોડની મત પેટી પોણો કલાક લેટ પડતાં ઉમેદવાર વચ્ચે ઘર્ષણ થાય તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થતા ચૂંટણી પંચ તેમજ ઉમેદવારોમાં ચિંતાનું વાતાવરણ છવાઈ ગયું હતું.

એક જ બેલેટ માં એક જ બોક્સની અંદર ગેરરીતી કરવાનો ઓડીયો વાયરલ થતા મતદાન રાત્રે એરાલ ગામની મત પેટી પણ કલાક જેટલી લેટ આવતા અસ્તવ્યસ્થની સ્થિતિ સર્જાઇ હતી. સરકાર વહીવટી તંત્ર અને તમામને ગેરમાર્ગે અને મુશ્કેલી જનક ઓડિયો વાઈરલ થવાના કારણે ચૂંટણી પંચ ચિંતિત થઈ ગયું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર જે તે ઓડિયોમાં જે ઝોનલ અધિકારીનું નામ ઉલ્લેખ થયું છે. તે જોનલ અધિકારી કોઈ છે જ નહીં તેવું જાણવા મળી રહ્યું હતું. પરંતુ ઉલ્લેખનીય એ છે કે, ખોટા ઓડિયો વાયરલ કરનારી સરકાર તેમજ ચૂંટણી પંચ અને તમામને ગેરમાર્ગે દોરનાર આવા શખ્સોની પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ પંચમહાલ જિલ્લા ચૂંટણીપંચ વાયરલ થયેલા ઓડિયો ની તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરશે કે કેમ તે હવે જોવું રહ્યું.

### ઓડિયોમાં થતી વાતચીત

મયંક : પેલામાં શું થાય પછી ?

અંજાન શખ્સ : પેલામાં પી.એમ.પટેલ ને કીધું છે કિશોર થી વધારે કશું ના થાય ૩૦ વોટ સુધી શું થાય કાલોલની તમામ પેટી માઈક્રો મશીનથી ચેક કરી માઈક્રોમીટર થી વજન માપી આપેલ છે. ૩૦ વોટ નો આદ્યું પાછુ થાય અને બે વાગ્યા પછી થાય તારે મને એક વાગે યાદ કરાવવાનું હું ઉમેદવાર ને કહીશ કે તું ત્યાં જા ૩ થી ૫ માં જ થાય જે થાય તે !

મયંક : કાગડીયા ના જોઈએ ?

અંજાન શખ્સ : અભદ્ર સાથે વાત કરતા જણાવ્યું કે તારે શું જોવાનું એ જોનલ વ્યવસ્થા કરી દેશે તારે કોરા કાગળીયા જ જોઈએ ને ૩૦.

મયંક : બે એક પેટીમાં થઈ જશે ?

અંજાન શખ્સ : પેટીમાં ના થાય એક જ પેઢીનું થાય તે મને એક જ પેટીનુ કહ્યું હતું બેરેબેરે એક પેઢીનું કર્યું છે. ખોટી વાત હું ના કરૂ.

મયંક : આજે થશે કે કાલે ?

અંજાન શખ્સ : કાલે કાલે હું તને કૌવ તેને મળી આવજે

મયંક : ક્યારે ?

અંજાન શખ્સ : તારે મળવાનું નહીં ઉમેદવારને જ મોકલજે પી એમ પટેલ જોનલ છે

મયંક : ક્યાંનો ગોધરાનો કાલોલ હ...

અંજાન શખ્સ : ગોધરા નહીં કાલોલ નો ચાર જોનલ નીકળે એટલે ઉમેદવારને હું કહું એટલે જતું રહેવાનું ૩૦ મત ન થાય એનું કારણ છે એ હું તને કહી દઉં આ વખતે તમામ પેઢીઓને ફીટીંગ કરીને એસિડથી ધોઈને આપી હતી. હોભરી લે પણ ઘણા ડાહ્યા છે ને તે ઉપરના લોકમાં પેપર ઘાલ્યો છે ને આ ઘાલ્યો છે એટલે સરકાર ને શંકા ગઈ એટલે ચેક કરી ને આપ્યા છે એમ તો મારા બૈરા ને સવાર સવારમાં કહી દીધું ને બેન તમે ઘેર બેસો તમારે આવવાની જરૂર નથી.

મયંક : ૩૦ નું થશે ખરૂ ને ટકા ? અંજાન શખ્સ : ૩૦ વોટ નું થાય ૩૦થી વધારે કશું ન થાય કારણ કે તે કાગળનો વજન ૪ ગ્રામ છે.

મયંક : પણ જવાબદારી તમારી ને...

અંજાન શખ્સ : એ મારી જવાબદારી ચાર ૭૦-૮૦ ગ્રામ થી વધુના જોઈએ સરકારનો નિયમ છે એટલે ૩૦ વોટ નું થાય. મયંક એનું નામ શું સાહેબનું...

શખ્સ : હું તને હમણાં હડાબાર વાગે એનો ફોન આવશે હોભર અતાર તો ચાલુ થઈ ગયો મે મારો ફોન એટલે સ્વીચ ઓફ કર્યો તો કે મારાં ડોહા નો ફોન આવતો તો.

મયંકઃ હું સાડાબારે ફોન કરૂ તા...

અંજાન શખ્સઃ હા હડા બારે તારે મને રિંગ કરવાની...

### એરાલ સરપંચના ઉમેદવારે ઓડીયો એરાલનો ન હોવાનું જણાવ્યું....

કાલોલ પંથકમાં મત પેટી સેટીંગના ઓડીયો કલીપ વાયરલ થઈ ઓડીયો કલીપ એરાલના સરપંચપદના ઉમેદવારે આવેદન આપ્યું અને કથિત ઓડીયો કલીપ એરાલની ન હોવાનું જણાવ્યું.

# ગોધરા પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ નહેરૂ યુવા કેન્દ્ર વકૃત્વ સ્પર્ધા યોજાઈ

ગોધરા,

નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા અને શેઠ પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાના એન.એસ.એસ વિભાગના ઉપક્રમે જિલ્લા સ્તરીય વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેનો વિષય દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણ પર રહ્યો. જેમાં ઘણા બધા વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને વિજેતાઓ ને રોકડ રકમ તથા ટ્રોફી અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા.જેમાં નહેરૂ યુવા કેન્દ્રના જિલ્લા અધિકારી વિઠ્ઠલ ચોરમલે, કોલેજના આચાર્ય એમ. બી. પટેલ., ભૂતપૂર્વ આચાર્ય બી.વી.ગાંધી, જજ તરીકે એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર રૂપેશ નાકર, સતીશ નાગર, દિવાકર શુકલા તેમજ જલ્પાબેન મકવાણા વિશેષ ઉપસ્થિત રહ્યા.


ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ
પાનમ સિચિત વાવેતર વિભાગ પંચમહાલ ડેરી સામે,
લુણાવાડા રોડ ગોધરા જી . પંચમહાલ , ફોન નંબર : ૦૨૬૭૨-૨૬૧૪૪૯

પાનમ સિંચિત વાવેતર વિભાગ, ગોધરા દ્વારા નીચેના કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવનાર અનુભવી ઈજારદારો પાસેથી ટેન્ડરથી ઓફર મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગ | જથ્થો રનીંગ મીટર |
|---|---|---|
| ૧. | બાર્બડ વાયર ફેન્સીંગ ( માલસામાન + મંજુરી સાથે ) | ૬૫૪૦ |
| ૨. | ચેઈનલીંક ફેન્સીંગની કામગીરી ( માલસામાન + મંજુરી સાથે ) | ૨૫૦ |

ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી ટેન્ડર ફી ૧૫૦૦/- રોકડા અથવા ડી.ડી. (નોન રીફંડેબલ) જમા કરાવી તા. ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮.૦૦ સુધીમાં ખરાપણાની રકમ સાથે નિગમની કચેરીએ સ્વીકારવામાં આવશે. મળેલા ટેન્ડરો તા. ૧૦/૦૧/૨૦૨૨ ના રોજ (૧) બાર્બડ વાયર ફેન્સીંગ કામગીરી માટેના ટેન્ડરો બપોરે ૧૨.૦૦ કલાકે તથા (૨) ચેઈનલીંક ફેન્સીંગ કામગીરીના ટેન્ડરો બપોરે ૧૬.૦૦ કલાકે ઉપસ્થિત ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. ઉપરોક્ત બંને કામોના ટેન્ડરોની વિગત અને અન્ય શરતો www.gsfdcltd.co.in વેબ સાઈટ તથા કચેરીના નોટીસ બોર્ડ પરથી મેળવી શકાશે.

નાયબ વન સંરક્ષક
પાનમ સિંચિત વાવેતર વિભાગ
ગુ.રા.વ.વિ.નિ.લિ, ગોધરા

૧૨/જીડીઆર/૨૦૨૧
(માહિતી/ગોધરા/૭૫૭/૨૧)


# ગોધરા એસ.ઓ.જી.એ પીટોલ હત્યાકાંડના મુખ્ય આરોપી ઉસ્માન ખંડુને ઝડપી પાડીને મધ્યપ્રદેશ પોલીસના હવાલે કર્યો..!!



ગોધરા,

મધ્યપ્રદેશની સરહદ ઉપર આવેલા પીટોલ ખાતેના પેટ્રોલપંપ ઉપર સી.એન.જી. ગેસ પુરાવ્યા બાદ સર્જાયેલ તકરારમાં હોસ્પિટલના નિર્દોષ સિક્યુરીટી ગાર્ડ વિનોદ મીઠુ મેડાની ચપ્પાના ઘા ઝીંકીને કરપીણ હત્યા કરીને ફરાર થઈ ગયેલ ગોધરા ગેંગના આ મુખ્ય આરોપી ઉસ્માન મોહંમદ ખંડુ રહે.સિગ્નલ ફળીયાને ગોધરા એસ.ઓ.જી. શાખાના પી.આઈ.એમ.પી.પંડ્યાએ ઝડપી પાડીને મધ્યપ્રદેશ પોલીસને સુપ્રત કર્યો હતો.મધ્યપ્રદેશની સરહદ ઉપર આવેલા ઝાબુઆ જિલ્લાના પીટોલ ખાતે આવેલા પેટ્રોલપંપ ઉપર સી.એન.જી.ગેસ ભરાવ્યા બાદ ગોધરાના ૮ જેટલા યુવકોએ પેટ્રોલપંપના સંચાલકને નાણાં ચુકવવા બાબતમાં સર્જાયેલ બોલાચાલીઓ જોઈને સ્થળ ઉપર હાજર હોસ્પિટલના સિક્યુરીટી ગાર્ડ વિનોદ મીઠુ મેડા મધ્યસ્થી માટે વચમાં આવતા ગોધરા ગેંગના આ સભ્યોએ વિનોદ મીઠુ મેડાને ઉપરા છાપરી ચપ્પાના ઘા મારીને સ્થળ ઉપર જ મોતને ઘાટ ઉતાર્યો હતો.આ બનાવના પગલે ગોધરા તરફ કાર લઈને ભાગેલા આ હત્યારા યુવકો પૈકી ચાર જણાને આંતરીને ઝડપી પાડ્યા હતા.નિર્દોષ સિક્યુરીટી ગાર્ડને નિર્દયતા પૂર્વક રહેંસી નાખવાની આ હત્યાના બનાવના પગલે સમગ્ર ઝાબુઆ જિલ્લામાં બંધના એલાન સાથે હત્યારાઓને ઝડપી લાવોની આક્રોશ સભર રેલીઓ પણ નીકળી હતી.જો કે હત્યારા ગેંગના ફરાર સદસ્યોને સી.સી.ટી.વી.ફુટેજો સાથે ગોધરા ખાતે આવેલ મધ્યપ્રદેશની પોલીસ ટીમે પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલનો સંપર્ક કરતા આ ગેંગના ફરાર સભ્યોને વહેલી તકે ઝડપી પાડવા માટે ગોધરા એસ.ઓ.જી.શાખાના પી.આઈ. એમ.પી.પંડ્યાને સૂચનો કર્યા હતા. એમાં બે આરોપીઓ ઝડપી પાડ્યા બાદ પીટોલ પેટ્રોલપંપ ઉપર હત્યાને અંજામ આપવા માટે ખીસ્સા માંથી ચાકુ કાઢીને જીવલેણ હુમલાના મુખ્ય આરોપી ઉસ્માન મોહંમદ ખંડુ રહે.સિગ્નલ ફળીયા લપાતો છુપાતો બહાર ફરી રહયો હોવાની ચોક્કસ બાતમીના આધારે ગોધરા એસ.ઓ.જી.ની ટીમે મધ્યપ્રદેશની પોલીસને સાથે રાખીને ઝડપી પાડીને હવાલે કર્યો હતો.